**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**એરુ ચાર રસ્તા, દાંડી રોડ નવસારી -૩૯૬૪૫૦**

NAVSARI AGRICULTURAL UNIVERSITY

તાત્કાલિક

## ◈ પરિપત્ર ◈

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે ખેતી મદદનીશ સંવર્ગની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરતી કરવામાં આવેલ અને તે પસંદગી પામેલ ઉમેદવારોના નિમણૂંકના આદેશો જારી કરવામાં આવેલ છે. આ તમામ ઉમેદવારોએ તેમના નિમણૂંના હુકમમાં જણાવ્યા મુજબ તેઓએ જે તે જિલ્લાના તબીબી અધિકારીનું ફીટનેશ અંગેનું પ્રમાણપત્ર સાથે તેઓની નિમણંકવાળી જગ્યાઓ હાજર થવાનું રહેશે તેમજ જણાવવામાં આવેલ છે.

નિમણૂંક પામેલ ઉમેદવારોને આપની કચેરીએથી આ સાથે સામેલ નિયત નમૂનામાં અધિકારપત્ર સિવિલ સર્જનને ઉદેશીને લખી આપવાનો રહેશે. ઉમેદવારે સદરહુ પત્ર સાથે જિલ્લા તબીબી અધિકારીનું પ્રમાણપત્ર મેળવી જે તે કચેરીમાં હાજર થવાનું રહેશે. તો ઉપર મુજબ તમામ કચેરી પરિપત્રનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

કુલસચિવ

જા.નં. ન.કૃ.યુ. / રજી./ એડીએમ.ર.૩ /૧૦૮૫૪-૧૦૯૦૩/૨૦૧૭
નવસારી તા. ૫/૯/૨૦૧૭

**નકલ સવિનય રવાના:-**

(૧) અત્રેની યુનિવર્સિટી ના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારુ..

## અનુસૂચિ - ગ

## (જૂઓ પરિશિષ્ટ-૩ નો નિયમ-૪)

## શારીરિક યોગ્યતાની તપાસ કરાવવા જતા ઉમેદવારે લઈ જવાનો જાણકારી પત્ર

**ક્રમાંક : .................... ૨૦૦૨**

**સ્થળ :**

**તારીખ :**

**પ્રેષક :**

**પ્રતિ :**

**સિવિલ સર્જન / સુપ્રિન્ટેન્ડન્ટ,**

**વિષય : સરકારી નોકરી માટે શારીરિક યોગ્યતા બાબત તબીબી તપાસ**

આ પત્ર લાવનાર, .................................... ખાતાની .......................... સંવર્ગમાં .................. ની જગા ઉપર નિમણૂક માટેના ઉમેદવારશ્રી ...................... ની તમોએ / તબીબી બોર્ડે તપાસ કરવા.

અને ગુજરાત મુલકી સેવા (સેવાની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨ ના પરિશિષ્ટ-૩ ના નિયમ-૧૨ હેઠળ ભલામણ કરાયેલ નિર્ધારિત નમૂનામાં, તેમની સ્વસ્થતા અને ઉંમર અંગેનો તમારો / મંડળનો અભિપ્રાય ..................... કચેરી / ખાતાને મોકલી આપવા વિનંતી કરવાની મને આજ્ઞાનુસાર વિનંતી છે. આ ઉમેદવારની વિગતો નીચે આપ્યા મુજબની છે :-

(૧) ઊંચાઈ

(૨) દેખાવ, કદ

(૩) ઓળખ ચિહ્નો :

(૧)

(૨)

(૩)

(આ નિયમોના પરિશિષ્ટ-૩ ના નિયમ-૪ મુજબ) ઉમેદવાર પાસે ............................. પ્રકારના કામની અપેક્ષા છે.

આ ઉમેદવારે (પરિશિષ્ટ-૩ ના નિયમ-૫ મુજબ) આ અગાઉ સરકારી નોકરી માટે તેમને નિયમાનુસાર રચાયેલ તબીબી સત્તાધિકારીએ તેને અયોગ્ય જાહેર નહિ કરાયા બાબતનું નિવેદન મારી સમક્ષ કરેલ છે, જે આ સાથે બીડેલ છે.

**આપનો વિશ્વાસુ,**

**(અધિકારીનું નામ)**

**કચેરી / ખાતાના વડા**